3

<u>સને ૨૦૧૮-૧૯</u>
<u>મહેસુલ</u>
<u>બિન-આદિવાસી</u>

<u>સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.</u>
<u>વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ (માનવ-વન્યપ્રાણીઓ વચ્ચે ઘર્ષણ નિવારવા માટેની વ્યવસ્થાપનની યોજના)</u>
વિભાગ-૧ (નવી બાબત)

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
**ઠરાવક્રમાંકઃવપસ/૧૦૧૭/૨૬૬૩/ડબલ્યુ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૫/૦૪/૨૦૧૮

<u>વંચાણેલીધાઃ-</u>

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના પત્રક્રમાંકઃ વપસ/૨૫/અ/૨૩૧૧-૧૨/૨૦૧૭-૧૮, તા.૨૩/૦૨/૨૦૧૮.

# <u>ઠ રા વ</u>

સને ૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે કુલ રૂપિયા ૨૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બસ્સો લાખ પુરા) ની જોગવાઈ કરવામાં આવી છે. આમુખ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ તા.૨૩/૦૨/૨૦૧૮ના પત્રથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરની કચેરીએ વિભાગ-૧ નવી બાબતની જોગવાઇ રૂપિયા ૨૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગાંધીનગરના ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૩/૦૨/૨૦૧૮ના પત્રમાં જણાવેલ આ યોજના હેઠળના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન કુલ રૂપિયા ૨૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બસ્સો લાખ પુરા)ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે ચાલુ નાણાંકીય વર્ષ માટે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂપિયા ૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂપિયા ૨૦૦.૦૦ લાખ |
| કુલ | : | રૂપિયા ૨૦૦.૦૦ લાખ |

૩. આ અંગે હાથ ધરવામાં અનાવર્તક કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરીની વિગત | જથ્થો | અંદાજીત દર | કુલ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ |
| ૧ | રેસ્કયુ સેન્ટર/એનિમલ કેર સેન્ટર એન્કલોઝર સાથે | ૩ સેન્ટર | ૫૦.૦૦ | ૧૫૦.૦૦ |
| ૨ | જન જાગૃતિના કામો | ૩ જિલ્લા | ૧.૦૦ | ૩.૦૦ |
| ૩ | પાંજરા | ૧૦ | ૦.૩૦ | ૩.૦૦ |
| ૪ | ઘાયલ પશુ માટે ખોરાક-પાણી /મારણ | ૩ સેન્ટર | ૦.૫૦ | ૧.૫૦ |
| ૫ | દવાઓ | ૩ સેન્ટર | ૦.૫૦ | ૧.૫૦ |
| ૬ | રેસ્કયુ માટેની સાધન- સામગ્રી (બેફલ બોર્ડ, વિશિષ્ટ પરિધાન, રોપ્સ, નેટ, ટોર્ચ, દુરબીન, લાઉડ સ્પીકર, પ્રોજેકટર, થેલાઓ, ડબ્બાઓ સાપ / મગર / વાંદરા પકડવાના સાધનો વગેરે) | ૩ સેન્ટર | ૨.૦૦ | ૬.૦૦ |
| ૭ | રેસ્કયુ કેન | ૩ કેન | ૦.૫૦ | ૧.૫૦ |
| ૮ | આપાતકાલિન કાર્યદળ (રેસ્કયુ ટીમ-છ મેમ્બર પ્રતિ ટીમ,વાહન ડ્રાયવર સાથે) / કોન્ટ્રાકટથી રૂ. ૧૦૦૦૦/- પ્રતિ વ્યક્તિ /પ્રતિ માસ | ૩ ટીમ | ૭.૨૦ | ૨૧.૬૦ |
| ૯ | ટ્રાન્કયુલાઇઝીગં ગન | ૫ ગન | ૨.૦૦ | ૧૦.૦૦ |
| ૧૦ | રેસ્કયુ માટે વાહન ભાડેથી | | લમસમ | ૧.૯૦ |
| | કુલ | | | ૨૦૦.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોનમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. જે હેતુઓ માટે જેટલી ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે. આ અંગે કોઈપણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરવાના રહેશે નહિ તેમજ રાજ્ય સરકાર પર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઈ ખર્ચ કરવાનો રહેશે નહિ.

૮. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નણાવિભાગના તા.૨૨/૬૯૪ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૬૯૪ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ-૧ તથા તા.૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ-૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓની ચુસ્તપણે પાલન કરવાની રહેશે.

૯. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ:3/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:SPO/102015/691093/CH ની જોગવાઈઓ અને સમયાંતરે કરવામાં આવેલ/આવનાર સુધારાઓનુ પાલન કરવાનુ રહેશે.

૧૨. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણાંવિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૪. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૧૫. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૬. રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી ધરવાની રહેશે.

૧૭. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૯. શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીનબિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

૨૦. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કરવાની રહેશે.

૨૧. વાહન ભાડેથી રાખવા માટે કે/અને કોન્ટ્રાક્ટથી વાહન રાખવા માટે સરકારશ્રીના પ્રવર્તમાન આદેશો અને સૂચનાઓનુ પાલન કરવાની જવાબદારી વિભાગની રહેશે.

૨૨. આપાતકાલીન કાર્યદળના સભ્યોની સુરક્ષાની જવાબદારી તેમજ જરૂરી સેફ્ટીના સાધનો પૂરા પાડવાની જવાબદારીની વિભાગે ખાતરી કરી લેવાની રહેશે.

૨૩. સદરહુ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિઝાઈનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

૨૪. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધીન./નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૨૫. જનજાગૃતિના હાથ ધરવાના કામોની કાર્યયોજના વિભાગને રજૂ કરી તેની મંજૂરી મેળવી તદનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૨૬. સન ૨૦૧૮-૧૯ની બજેટ જોગવાઈનો ખર્ચ તા.૧/૪/૨૦૧૮ પછી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૮-૧૯ વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૨૬ |
| સેકટર | (ગ) આર્થિકસેવાઓ |
| સબ સેકટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | ૨૪૦૬-વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્યસદર | ૦૨-પર્યાવરણલક્ષી વનનિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| ગૌણસદર | ૧૧૦-વન્ય પ્રાણી સંરક્ષણ |
| પેટા સદર | (૦૨) વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ. |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૨૭/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૨૭/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ સી. શાહ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,વન અને પર્યાવરણ વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અગ્ર મુખ્યવનસંરક્ષકશ્રી (વન્યપ્રાણી),ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય વન સંરક્ષકશ્રી, પી.પી.એમ.ઇ., ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગની બજેટ શાખા
- નાણાં વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન) બ્લોકનં.૯, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ (બ્રાન્ચકલેકશન)
- સંબંધિત નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.